સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કલહ-કુસંપને જૂથબંધીના કૂવા ઘણા છે,
અનેક સમાજોની નારાજગીના ચૂવા ઘણા છે
ઉકળે છે પદ - માગણીઓનાં ખદબદતાં તેલ -
દિલ્હીના રોડ-મેપમાં ખાડા-ખૈયા-ભૂવા ઘણા છે
(રોડ-મેપ નો 'અમલ કરો')

હાઈકુ

યોગાનુયોગ !
ઈઝાયલ ગયા, ને -
આવ્યો વર્ષાદ...

સેવકો દુ:ખી,
ધમકીમાં દેખાય
હારનો ક્રોધ
(કાર્યકરો કંપી ઉઠ્યા)

ચિંતન

જગસારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય,
ધનવંત સોહી જાનિયે, રામ પદારથ હોય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે આ જગતમાં વસતાં સર્વ માનવી દરિદ્ર છે. તેણે અબજો રૂપિયાની મૂડી, જર-ઝવેરાત, વાડી બંગલા અને મહેલ-મોલાતો સંસારમાં રહી ખૂબ મહેનત અને હાયવોય કરીને જમા કરી છે.

ખૂબ સાહ્યબીમાં મહાલતો અને તેમાં જ રાચતો મનુષ્ય પોતાને ખૂબ સુખી અને ધનવાન માને છે. દુનિયાનાં લોકો પણ તેમ જ માને છે. કબીર તો કહે છે કે ધનવંત તો એ છે કે જેની પાસે સિલકમાં રામનામ રૂપી મૂડી છે. ગમે તેટલી વાપરશે તો પણ ક્યારેય ખૂટશે નહીં. ઉલ્ટાની એ મૂડી તો જમા થતી જ રહેશે.

સુવિચાર

- જો દુ:ખને રડવાથી દૂર કરી શકાતું હોત, અને મરેલાંને આંસુથી બેઠાં કરી શકાતાં હોત તો દુ:ખ કરતા સોનાની કિંમત ઓછી હોત - **ઓશો**
- દરેક ક્રાંતિ અંતે વરાળની જેમ ઊડી જાય છે, લુપ્ત થઈ જાય છે, અને તેની પાછળ નફરત થાય એટલી હદે વહીવટીતંત્ર મૂકી જાય છે - **ફ્રાન્સ કાફ્કા**
- જ્ઞાનીઓએ કહ્યું કે જીવતાં જે મરે એછે તેને પછી મરણ આવતું નથી - **દાદા ભગવાન**
- આપણો દૃષ્ટિદોષ ઓછો કરે એનું નામ ધર્મ, દૃષ્ટિદોષ વધારે તે અધર્મ - **મોરારિ બાપુ**
- જે 'ટેસ્ટ' (સ્વાદ)ને જાણે તે આત્મા. જે 'ટેસ્ટ' ને ભોગવે તે આત્મા ન હોય - **ભૂપત વડોદરિયા**
- 'ઓપન માઈન્ડ' રાખે, તેને ભગવાન દેખાય - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લીલી ચા ના પાનના ઉકાળામાં ખાંડ અને તજનો મૂકો નાખી પીવાથી તાવમાં પરસેવો વળી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બાળકે ભગવાનનેપ્રાર્થના કરીને મન સ્વર્ગ અને નર્ક બતાવો. ભગવાન પ્રસન્ન થયા. ભગવાન બાળકને લઈને પહેલા નર્કમાં ગયા. ત્યાંની ભોજન શાળામાં ગયા તો જાત જાતના પકવાન, મિષ્ઠાન ના થાળ પડ્યા હતા. છતાં ત્યાંના લોકો ભૂખના માર્યા તરફડીયા મારતા હતા. લોકોને ભોજન જોઈને લાળ ટપકતી હતી પણ કંઈ ખાઈ શકતા ન હતા. બાળકે પૂછ્યું, 'પ્રભુ આવું કેમ ?' ભગવાને કહ્યું, 'આ બધાના હાથ જુઓ, જે કાયમ સીધા જ રહે છે. કોણીએથી વાળી શકાતા નથી, ભોજન હાથમાં લઈ શકે છે પણ કોળિયાને મુખ સુધી પહોંચાડી શકતાં નથી. હવામાં કોળિયો ઉછાળીને મુખથી ઝીલવા પ્રયત્ન કરે છે પણ એમા સફળ થતા નથી.'

ભગવાન બાળકને લઈને સ્વર્ગની ભોજન શાળામાં ગયા. અહિંયા નરકમાં હતા તે જ પ્રકારના ભોજન મિષ્ઠાન હતા. છતાંય બધાના ચહેરા પર આનંદ હતો. અહીંયા પણ લોકોના હાથ કોણીથી વળી શકતા ન હતા. પરંતુ ભોજન કરતી વખતે એ લોકો સામસામે બેસીને પોતાના હાથમાં કોળિયો તૈયાર કરી સામેના વ્યક્તિના મુખમાં મુકતા હતા. અને સામેની વ્યક્તિના હાથમાં રહેલો કોળિયો પોતાના મુખમાં સ્વીકારતા હતા. બાળકને તરત જ સ્વર્ગ-નર્કનો ભેદ સમજાઈ ગયો. 'તારું જે થવું હોય તે થાય. હું મારું કરું.' આવી વિચારસરણી જયાં છે ત્યાં નર્ક છે... અને 'મારું જે થવું હોય તે થાય, પહેલાં હું તારું કરું.' આવી ભાવના જયાં છે ત્યાં સ્વર્ગ છે.

પ્રજાને 'અભય' નો અનુભવ ક્યારે થશે

તંત્રીસ્થાનેથી...

જૂના જમાનાની કહેવત છે : અફવાને પગ નથી હોતા, પાંખો હોય છે. એ વાયરે વાત બનીને ઊડે છે. 'વા વાયો ને નળિયું ખસ્યું' - વાળી કવિતા વાંચી છે ? નળિયું તો વાયરે ખસ્યું હતું પણ એના કેવા કેવા અર્થ વિસ્તાર થયા ! આવું જ આપણા સમાજમાં, આ કોમ્પ્યુટર યુગમાં, સેટેલાઈટ કાળમાં, એકવીસમી સદીના અઢારના વર્ષે પણ બની શકે છે. ભારતીય સમાજ માટે તો અફવા સાંભળવી, અફવાને સાચી માની લેવી અને અફવા ફેલાવવી તે જાણે એનો જન્મસિદ્ધ અધિકાર છે. બાળકો ચોરતી ટોળકી ફરે છે એટલી વાત પકડાઈ ગઈ, કોઈનું બાળક ગૂમ થયું એટલે વાત વાયરલ બની ગઈ. સોશિયલ મીડિયા નામનો અલાદીનનો ચિરાગ હાથ લાગ્યો છે ત્યારથી અફવા બજાર પરણ ગરમાગરમ રહ્યા કરે છે. ગણપતિ દૂધ પીવા લાગેછે, કબર હાલવા માંડે છે, મડદું બેઠું થઈ જાય છે. બાળકો ઉઠાવી જતી ટોળકી સક્રિય થઈ છે એવી અફવા માત્ર જન સમુદાયમાં એક ઘાતકી ગાંડપણ જન્માવી શકે. બાળક તો પગલીનું પાડનાર. માતાપિતાની આંખનું રતન. એને ઉઠાવી જનાર પ્રત્યે આક્રોશ થવો જ જોઈએ. કદાચ સાચેસાચો ગુનેગાર ઝડપાઈ ગયો હોય અને એને મરણતોલ મેથીપાક મળ્યો હોત તો ન્યાયતંત્ર પણ એને નજરઅંદાજ ગણી લેત. પરંતુ વાડજ સહિત ગુજરાતના અન્ય શહેરી વિસ્તારોમાં જે બનાવો બન્યા છે એમાં તો ફક્ત અફવાએ જ ભાગ ભજવ્યો છે. વાડજમાં જે ચાર ગરીબ સ્ત્રીઓને હિંસક બનેલા ટોળાએ ઝૂડી નાખી એમાં એક બાઈએ તો જીવ ગુમાવ્યો છે. એ ચારે બાઈઓ ભીખ માગીને ગુજરાત ચલાવતી મદારણો હતી. એમની પાછળ 'નાથ' લખાય છે એ નાથ સંપ્રદાયનું લટકણિયું છે. બનવાજોગ કે એમના પહેરવેશ પરથી જ ટોળાને વધારે શક પડ્યો હોય. દારૂડિયાઓએ ઉડાડેલી અફવાથી આખી ઘટના બની એવી વાત પણ બહાર આવી છે. રાજયની ફરજ છે કે માનવીના સૌથી પ્રથમ મૂળભૂત અધિકાર - 'જીવવાના હક'નું રક્ષણ કરે. નાગરિક તરીકે અમદાવાદના નગરશેઠ હોય કે છારાનગરની ચોરટી - બેઉને જીવવાનો સરખો હક છે. ગુનેગારને કાયદાની રૂએ જ સજા કરી શકાય. પ્રજા પોતે કાયદો હાથમાં લેવા લાગે એ તો સરકાર માટે નાલેશી જ લેખાય. પરંતુ આ પ્રકારની ઘેલછા પાછળ મૂળ કારણ તો 'ભય' છે. સરકારની ફરજ છે કે પ્રજાને એ 'અભય' બનાવે. આ અભય ક્યારે શક્ય બને ? વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ આપણા નાના મોટા વીઆઈપી અભયની લાગણી ફીલ કરે છે. પ્રજા પોતાને અસુરક્ષિત મહેસૂસ કરે એથી મોટી નિષ્ફળતા બીજી કઈ હોઈ શકે ? પોલીસ સ્ટેશનથી સો મીટરના અંતરે જ વાડજની કમનસીબ ઘટના બની છે, તો સૂચક નથી શું ?

ચોમાસામાં ફ્રીટ એન્ડ ફાઈન

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

લાંબા સમયથી રાહ જોવડાવીને હવે શહેરમાં વરસાદી વાતાવરણ જામ્યું છે. વરસાદ એટલે ડોક્ટરોની સીઝન. શરદી-ઉધરસથી અને અપાચનથી લઈને ડેંગ્યુ જેવા કેસોની લાઈન લાગે છે. વર્ષાઋતુમાં આવા રોગો થવા પાછળનું કારણ એ કે આ સીઝનમાં આપણો જઠરાગ્નિ પહેલેથી જ મંદ હોય છે, અને ઉપરથી આપણે દાળવડા-ગોટાનો ભોગ જમીએ એટલે પાચનતંત્રની તકલીફો થવાની જ. બીજુ, વરસાદમાં ગંદકીને કારણે મચ્છરો અને જીવાતોનો પ્રોબ્લેમ, એટલે ઈંફેક્શન પણ થવાના. સતત ભીનાશ અને ભેજ રહેવાથી શરદી-તાવ ની શક્યતા પણ વધી જ જાય. બાળકોને તો બહુ જ હેરાનગતી થાય. ભેજ વાળા વાતાવરણને કારણે જલ્દીથી આ રોગો મટે પણ નહિં.

આવા રોગો થયા હોય તો ઝડપથી કઈ રીતે મટાડવા?? કે પછી આવા રોગો થાય જ નહિં તે માટે શું કરવું?.. આયુર્વેદમાં આના બધા જ સોલ્યુશન છે.

● સૌપ્રથમ નિયમ, મિતાહારી રહેવું. અતિની ગતિ નથી. જો પ્રમાણપૂર્વક ખાઈશું-પીશું તો પાચનતંત્ર સ્વસ્થ રહેશે અને જો પાચનતંત્ર સ્વસ્થ રહેશે તો બીજા બધા જ તંત્રો સ્વસ્થ રહેશે. ઓછુ ખાવું, હાઈજીનિક ખાવું

● રાત્રે જમતા અને સુતા વચ્ચે ઓછામાં ઓછો બે કલાકનો ગેપ રાખવો, બપોરે જમ્યા બાદ ઉંઘવાનું ટાળવું, પાણી ઉકાળીને પીવું અથવા ફિલ્ટર કરીને પીવું. પાચનતંત્ર બગડ્યુ હોય તેવું લાગે તો એકાદ ઉપવાસ કરી લેવો

● પાચન સુધારવા સૂંઠ-હરડે કે પછી આમપાચનનું સેવન કરી શકાય. પાણી જેવા ઝાડા વધુ પ્રમાણમાં થતા હોય તો કુટજ ના કોઈ પણ યોગનું સપ્રમાણ

સેવન કરવાથી ફાયદો થશે. પાચનતંત્ર મજબૂત હશે તો કોઈપણ સીઝનમાં સ્વસ્થ રહેવાશે.

● વરસાદમાં સામાન્ય શરદી-ઉધરસ-તાવ-શરીર કળતર આદિ જોવા મળતા હોય છે. આવું થાય ત્યારે કડુ-કરિયાતું કે સુદર્શન, ગળો, ભોયઆમળી, સિતોપલાદિ હળદર અને મધ આદિનું સપ્રમાણ સેવન કરી શકાય. આ બધા જ ઔષધો ઈમ્યુનિટી વધારનારા છે. આ ઔષધોમાંથી આપણી પ્રકૃતિને અનુકૂળ હોય તેનું નિયમીત સેવન કરવાથી લાંબા સમય સુધી રોગમુક્ત રહી શકાય છે.

● ઘણા લોકોને ભેજની એલર્જી હોય છે. તરતજ છીંકો અને નાકમાંથી પાણી ચાલુ થઈ જાય. આવી એલર્જીમાં હળદર-મરી-આદું-અરડુસી અને તુલસી નો ઉકાળો લેવાથી અથવા આ બધાને મધ સાથે ચાટી જવાથી ખૂબ આરામ મળશે.

● રોગ વધી જવા પામ્યો હોય અને શરદી-ઉધરસ કે દમની ખૂબ અસર વર્તાતી હોય તેવામાં લક્ષ્મી વિલાસ રસ કે શ્વાસ કાસ ચિંતામણી રસ જેવી અદ્ભૂત રસૌષધિઓ પણ વૈદ્યકીય સલાહ અનુસાર લઈ શકાય. આ રસૌષધિઓ ત્વરીત પરિણામ આપે છે.

● તાવનું પ્રમાણ વધુ હોય તેવા કિસ્સામાં આળસ ન કરતા તુરત ડોક્ટર પાસે જઈ જરૂરી પરિક્ષણો કરાવી સારવાર લેવી. ડેન્ગ્યુ આદિ રોગોની જેટલી જલ્દી સારવાર થાય તેટલુ વધુ સારુ. ડેન્ગ્યુમાં એલોપેથી સારવારની સાથે આયુર્વેદના અમુક ઔષધો ખૂબ કારગત નિવડેલ છે, જેમકે પપૈયાના પાન. પપૈયાના પાનનો રસ બહુ ઝડપથી પ્લેટલેટ કાઉંટ વધારી આપે છે.

● વરસાદમાં જનરલ હાઈજીન પણ ખૂબ અગત્યની છે. હજુ તો ચોમાસાની શરૂઆત છે, આગામી બે મહિના સુધી આપણી તથા આપણી આસપાસની હાઈજીન વિષે વિશેષ સજાગ રહેવું. ઘરમાં કે ઘરની આસપાસ પાણીના નિકાલની વ્યવસ્થા તાકિદે કરવી. બંધીયાર પાણીમાંથી જ મચ્છરો અને બીજી જીવાતોનો ઉપદ્રવ શરૂ થાય છે.

● ઘરમાં રોજ સાંજે લીમડાના પાનનો ધૂમાડો કરવો, તેમા ગૂગળ પણ ઉમેરી શકાય. આમ કરવાથી મચ્છરો ભાગશે અને નાની-મોટી જીવાતો નષ્ટ થશે. સ્વચ્છ ઘરથી જ સ્વસ્થતા કેળવાશે.

- contact@atharvaayu.com

પોતપોતાનાં આકાશ

મનના ઉમંગો
રણછોડ પરમાર

સુપ્રસિધ્ધ વાર્તાકાર,નવલકથાકાર અને નિબંધકારશ્રી વિનેશ અંતાણીએ કચ્છમાં દર વરસે પડતા વરસાદ અંગે 'પોતપોતાનો વરસાદ' એવો એક સુંદર નિબંધ લખ્યો છે અને નિબંધસંગ્રહનું નામ પણ એમણે 'પોતપોતાનો વરસાદ' રાખ્યું છે. હવે આપણા ગાંધીનગરના જાણીતા લેખિકા કુ. પ્રજ્ઞાબેન પટેલ 'પોતપોતાનાં આકાશ' નામનો વાર્તાસંગ્રહ લઈને આવ્યા છે. એકવીસ સુંદર વાર્તાઓ ધરાવતા લેખિકાના આ પ્રથમ વાર્તાસંગ્રહનું આપણે આનંદપૂર્વક સ્વાગત કરીએ.

તેમની પ્રથમ વાર્તા 'ખેતર અને ચહેરા' તે સમયના જાણીતા માસિક ચાંદનીમાં સ્વીકારવામાં આવી હતી. પણ તેમાં પ્રગટ થાય તે પહેલાં તે પરબ ડિસેમ્બર-૧૯૮૩ના અંકમાં પ્રસિધ્ધ થઈ ગઈ. આ અગાઉ તેમના ઘણા કાવ્યો અને લઘુકથાઓ વિવિધ સામયિકોમાં છપાતા રહેતા હતા. આમ તેમની વાર્તા સર્જનયાત્રા લગભગ છત્રીસ વરસના લાંબા પટમાં ફેલાયેલી છે. પુસ્તકમાં તેમણે આપેલા નિવેદન મુજબ વાર્તાઓ કદી ઉપરાઉપરી કે થોકબંધ લખાઈ નથી.આવે તો આવે, નહીં તો નહીં. વળી પાછા કાવ્યો, નાટકો, સમાજ અને સરકારની સેવા આ બધું ઠરીને બેસવા ના દે. આમ પણ ઠરીને બેસે એને પ્રજ્ઞાબેન ના કહેવાય. વરસમાં બેત્રણ તો લાંબા પ્રવાસો કર્યા જ હોય અને એકબે દિવસની ટૂંકી હડિયાપટ્ટીનો તો પાર જ નહી. આ રીતે લાંબા સમયગાળે લખાતી વાર્તાઓ કે કોઈપણ લખાણ ઉપરછલ્લુ ના હોઈ શકે. વારતાઓને ભાતભાતના વિષયો આવા કારણે જ મળતાં હોય છે. એ વાર્તાઓનાં વિશિષ્ટ પાત્રવૈવિધ્યનું કારણ પણ એ જ.

જે વાર્તા પરથી સંગ્રહનું નામ પડ્યું છે તે વાર્તા 'પોતપોતાનાં આકાશ' ૧૯૯૯ ના સમભાવ દીપોત્સવી અંકમાં પ્રગટ થયેલી છે. વાર્તાનો નાયક આસિત ઓફિસ છૂટતાં સીડીના પગથિયાં ઉતરતાં ઉતરતાં અનુજાની યાદોમાં ખોવાઈ જાય છે. એનો પહેલીવાર ભેટો પણ આમ કોલેજના પગથિયા ઉતરતાં જ થયેલો.તે પગથિયાં ઉતરતાં ગબડી પડેલો ત્યારે અનુજાએ એને બેઠો કરતાં કહેલું કે 'સહેજ ધીમે સંભાળીને ઉતરતા હો તો....' પછી અનેક સંસ્મરણોની હારમાળા શરૂ થાય છે. વાર્તાને અંતે એ સંધ્યાસમયે દરિયાકિનારે પગ લાંબા કરીને બેઠો હોય છે ત્યારે હૃદય પ્રશ્ન કરે છે 'શું હવે અનુજાને સાંજ ગમતી હશે ?' અનુજાને સવાર ગમતી હતી અને આશિતને સાંજ ગમતી હતી. બીજા પણ ગમાઅણગમા હતા. અત્યારે એ સંધ્યાના રંગોમાં રંગાયેલું આકાશ જોતો બેઠો છે. એની આંખો સામે દૂર દૂર દરિયાની સપાટી પરનું લાલઘૂમ આકાશ છે અને માથા પર કાળા આકાશનો ટુકડો છે. આકાશ બે નથી છતાં બે આકાશનો ભ્રમ સર્જાય છે.એટલામાં એ બે સફેદ પંખીઓને ઝડપથી ઉડતાં જુવે છે.જાણે બે પક્ષી પોતપોતાનાં આકાશમાં પોતપોતાનાં આકાશ લઈને ઉડી રહ્યા છે.

બીજી એક વાર્તા 'કાળા આકાશનો ટુકડો' માં પણ આકાશની વાત કરવામાં આવી છે. રેલ્વેની મુસાફરી દરમ્યાન એક લેખક તેની સામે બેઠેલી વાર્તારસિક યુવતી સાથે વાતો કરે છે.પોતે લખેલી નવલકથા તેને વાંચવા આપે છે.યુવતી તેની લખેલી કવિતાની ડાયરી વાંચવા આપે છે. બંને અવનવી વાતો કરે છે. પણ છોકરી વાંચી રહી છે તે નવલકથા પોતે લખી છે એવી સ્પષ્ટતા કરી શકતો નથી. છેલ્લે નાયિકા ઉષા શેઠની 'મૃત્યુ મરી ગયું રે લોલ' નવલકથા તમે વાંચી છે કે નહીં તેમ પુછે છે તે સાથે વાર્તાના આકાશને કાળો રંગ પ્રાપ્ત થાય છે. 'મૃત્યુ મરી ગયું' માં એક ભયંકર રોગથી પીડાતી છોકરીની વાત છે.આ એક બહુ સરસ વાર્તા છે.

મને 'ઉઘાડો વાંહો' વાર્તા ખુબ ગમી છે. મુન્નીબેન અને એમના સાથીદારો કચ્છમાં સર્જાયેલા ભૂકંપ બાદ દસમા અને બારમા ધોરણના વિધ્યાર્થીઓને ધરતીકંપના વાતાવરણમાંથી તેમને દૂર બહાર લઈ જઈ અભ્યાસ-ટ્યુશન- પરીક્ષાની સુવિધા પૂરી પાડવા મથે છે. આઘોઈ ગામના હીરાબાને પણ આવી સેવા કરવાનું મન થાય છે પણ જુવાન દીકરી ઘેર પાછી આવી છે એટલે કહે છે ,'પણ હું થાય ? આ મારો વાંહો ઉઘાડો હે તે ?' તેમની દીકરી સમુને અમદાવાદ મોકલવા સમજાવ્યા . તો કહે છે કોઈ તેની પૂરી જવાબદારી લેતું હોય તો મોકલું. તે સમયે મુન્નીબેન અને સાથીદારો સમુને લાવી શકતાં નથી. છેલ્લે સમુબેનને સાચવવાની બધી વ્યવસ્થા કરી ફરીથી કચ્છમાં જાય છે પણ કમનસીબે સમુ મૃત્યુ પામેલી. તેની વાત કરતાં રડી પડેલા હીરાબાના વાંસે હાથ ફેરવતાં કસવાળા કબજામાં અડધો વાંસો ઉઘાડો હોય છે ત્યાં નાયિકાને તીખા તડકાથી બળતી ચામડીની ઉની લ્હાય અનુભવાય છે.આમ શરૂઆતમાં ઉઘાડો વાંહો રૂઢીપ્રયોગ રૂપે આવે છે એ જ ઉઘાડો વાંહો અંતમાં ઉન્હો લાહ્ય સ્પર્શ બનીને આવે છે.

'બારી બંધ થવાની ઘટના' એક સર્વાંગ સુંદર વારતા છે. ભાનુપ્રસાદ હવે ઘરડા થઈ ગયા છે. વરસો પહેલાં તેમની બદલી મોરબી થઈ હતી. તે સમયે પત્નિ સરોજને લખેલા પત્રો પત્નિએ ખુબ કાળજીપૂર્વક સાચવી રાખ્યા હતા. સરોજના મૃત્યુ પછી રેશમની પોટલીમાં સાચવીને રાખેલા એ પત્રો ભાનુપ્રસાદ ગાદલા નીચે મૂકી રાખે છે અને અવારનવાર એકલા બેસી વાંચે છે અને પત્નિ સાથે એક જાતનું સામીપ્ય અનુભવે છે. એક દિવસ નાનકડો પૌત્ર રમતમાં એ પત્રો ફાડી નાખે છે. હતપ્રભ થયેલા ભાનુપ્રસાદ નિખિલને થપ્પડ મારી બેસે છે. પુત્રવધુ સસરાની લાગણી સમજી શકતી નથી. પુત્ર પણ નથી સમજતો. ભાનુપ્રસાદ જાણે આખા સમાજથી કપાઈ જાય છે. બારી બંધ કરીને તેઓ પોતે પણ જાણે બહારની દુનિયાથી અળગા પડી જવાનું ઈચ્છે છે. બહુ સુંદર પ્રતિક છે.

'પોર્ટ્રેટ' વિશે કોઈ સંજોગોમાં લખ્યા વગર ના ચાલે એવી વાર્તા છે. બહુ વરસે રંગો, આકારો અને ચિત્રની આ વાર્તા વાંચવા મળી છે. રંગ, પીંછી અને આકારો સાથે જોડાયેલા ચાર મિત્રો, સોમ, મલય, પાર્થ અને અખિલ અઠવાડિયામાં ત્રણવાર ચા-કોફીના ગલ્લે અચૂક મળે છે. સોમના પિતાજી એક શાળામાં આચાર્ય હતા. શાળાના ટ્રસ્ટીઓ તેમના સ્મૃતિગ્રંથના મુખપૃષ્ઠ પર તેમનું એક સુંદર ચિત્ર મૂકવા માંગતા હતા. સોમ ઈચ્છે કે પિતાના પ્રેમ કરુણા અને વાત્સલયના ભાવો આબેહુબ ચિત્રમાં આવે. એકવાર નાની બાળકી શચીનું તે ચિત્ર બનાવતો હતો ચિત્ર અધુરું હતું ને સચી મરણ પામી . બસ ત્યારથી પોતે પોર્ટ્રેટ બનાવતો નથી . આ કામ તેના મિત્રોને સોંપે છે. મિત્રોના બનાવેલા ચિત્ર તેને સંતોષ આપી શકતા નથી. તેના પિતા જબરદસ્ત સ્મૃતિ બનીને આવે છે. સચી પણ સાંભરે છે. સચીની હથેળીનો કોમળ હાથ તેના ગાલને સ્પર્શતો હોય તેવું તેને લાગે છે. આખી રાત તે ચીતરે છે. સવારે ચિત્ર જોયા વગર જ પેક કરીને શાળાના ટ્રસ્ટીઓને સોંપે છે. ચિત્ર જોઈ બધા અવાક થઈ જાય છે. મિત્રો તેને ભેટી પડે છે. ચિત્રમાં પિતા સાક્ષાત જીવંત થાય છે જાણે કહે છે, 'સોમ, હું તને નહોતો કહેતો....તું બહુ સારાં પોર્ટેટ બનાવી શકે છે.' ક્યાંકથી સચીનો અવાજ સંભળાય છે. 'સોમકાકા, તમે બહુ સરસ ચિત્ર બનાવ્યું છે. વેરી ગૂડ.'

આખી વારતામાં રંગોનાં પતંગિયાં ઉડે છે કે પતંગિયાંના રંગો ઉડે છે બેમાંથી જે કહો તે પણ એક ચિત્રકાર સિવાય બીજું કોઈ આ વાર્તા લખી શકે નહીં. પ્રજ્ઞાબેનના મન મસ્તિષ્કમાં રેલાતા રંગો અહીં શબ્દોના પતંગિયા બનીને ઉડાઉડ કરે છે. આવી વાર્તાઓ જૂજ સંખ્યામાં લખાય છે. આપણને પહેલા સંગ્રહમાં તે પ્રાપ્ત થાય તે આપણું અહોભાગ્ય છે.

હવેની પેઢીને કદાચ ડામચિયો શબ્દનો મતલબ સમજાવવો અઘરો પડે. આપણા ચિત્તમાં આલેખાયેલો ડામચિયો પ્રજ્ઞાબેને તેમની વાર્તામાં આબેહુબ ખડો કર્યો છે. પોતાનું જૂનું ઘર વેચાઈ ગયા પછીયે અંજલિ અવારનવાર ઘર જોવા,ખરેખર તો વરસો પહેલાંના ઘરમાં પોતાની જાતને નિહાળવા આવે છે. કાશીમાના ઘરમાં કાઢી કઢાયેલો ડામચિયો જોઈને તેની મૂઠ્ઠીઓમાં તેને જોઈતું મોતી મળી જાય છે.

આમ તો એકવીસે એકવીસ વાર્તાઓ વિષે કશુંક લખવું જોઈએ. સ્થળ મર્યાદાને લીધે બધી વારતાઓ માટે લખી શકાય તેમ નથી. મેં ભલે આટલી જ વાત કરી. તમે બધી વાર્તાઓ વાંચજો. નિરાશ થવું પડશે નહીં.

વૃક્ષોની જેમ જમીન તરફ ઝૂકતાં શીખીએ!

લાગણીનો મેળો
રસિક વાળંદ

કરવત, કાનસ લઈ હથોડો,
ઈશ્વર તો બેઠાજી,
આરસ, પથ્થર, માટી લે,
પણ માણસજી ન લગતાંજી

- મેઘનાથ ભટ્ટ

એક મહાશય જે બે માણસ વચ્ચે બેઠા હોય ત્યારે કોઈ પણ વસ્તુના બહાને અચૂક 'હુકમ છોડે'... 'એ લાવજો... તે લાવજો...' અરે, ઘરમાંથી બહાર નીકળે ને પાણી મંગાવે... કાં તો સીડીના બે ચાર પગથિયાં ઉતરે ને બાઈકની ચાવી કે મોબાઈલ... એવું કંઈક ને કંઈ યાદ આવે.... ને અચૂક બૂમ પાડે... આ એમનો નિત્યક્રમ... બીજા ઉપર રોફ જમાવવામાં માહેર એવા આ મહાશય એક નાનકડી સંસ્થાના વડા - ઉપરી છે.

દોમ દોમ સાહ્યબી ભોગવનારા ધનાઢ્યોને જયારે મળું છું ત્યારે ગીતા કથિત 'શુચિનાં શ્રઈમતાં ગેહે...' 'શ્લોક યાદ આવી જાય છે શ્રીમતો ' 'શઉચિ શ્રીમાન્' હશે જ !!! પરંતુ કયારેક દુહામાં કહેવાયું છે એમ;

'બડા હુઆ તો કયા, હુઆ જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહિ ઔર ફલ લગે અતિદૂર'

સમાજમાં આવા અપવાદ રૂપ ધનકુબેરો પણ છે, કે જેઓ પોતાના જેવા 'સમકક્ષ' ને જ માણસ તરીકેનું માન આપે છે. નખશિખ ખાનદાની ને મેલી ઘેલી કે હલકી માનનારી ઉજળા ને મોંઘા વસ્ત્રોમાં લપેટાયેલી શ્રીમંતાઈ સિફતપૂર્વક છેટી રહેતી મેં બરાબર ભાળી છે. ડ્રાઈવર પોતાની સીટ પરથી ઊતરીને દોડીને દરવાજો દરવાજો ખોલે પછી જ ગાડીમાંથી ઉતરનારા... પોતાનાં પગરખાં સાફ કરાવનારા... ઑફિસના પ્યૂન પાસે ઘરકામ કરાવનારા.... ટીફીન લઈને આવનારો નોકર ઘરમાં આંગણામાં લુખું સૂકું ખાય... ભલે ને વધેલી રસોઈ ફેંકી દઈએ પ..ણ.. આવી ટેવ ન પડાય આવું માનનારાં... રખેને કંઈક ભૂલ કરી બેસે ત્યારે મન મૂકીને ખખડાવી નાખનારા... લોકોને જોઈ દિલ બળે છે... આવા લોકો પ્રત્યે ભારોભાર ચીડ છે...

ઘણીવાર મોટા ઘરનો આ ભલોભોળો નોકરવર્ગ અમારા જેવા પરિચિતના હાથમાંથી થેલાથેલી પણ વગર કહ્યે ઉકલી લે... સાહેબ ખાલી હાથે અક્કડ ચાલતા હોય ને ગાડીનો ડ્રાઈવર સાહેબનું ખાલી ટીફીન મૂકવા ઘેર આવે... પોતાનાથી થાય એવાં મામૂલી કામ બીજા પાસે કરાવનારા આ મહાશયો પરસેવો પાડવા રોજ જીમમાં જતા હોય છે ! મને ઘણીવાર પ્રશ્ન થાય છે કે માત્ર અહં સંતોષવા માટે મેન્ટલી, ફિઝીકલી હેલ્થી માણસે એવું કરવું યોગ્ય ખરું ?!

અરે, નવાઈની વાત તો એ કે લિફ્ટનું બટન દબાવવા પેલા સિક્યુરિટી ગાર્ડ દોડીને આવે... મને તો આ ન ગમ્યું...!! પ...ણ... મારી સાથેના સાહેબ માટે તો આ પ્રેસ્ટીજ ઈશ્યુ હતો... સાહેબ, મેડમ કે મોટા જણાતા ખાશ વિશેષ વ્યક્તિને જોતાવેંત ઊભા થઈ જવાનું...ઘણા ગાર્ડ્સને તો આદત જ પડી ગઈ હોય કે જતા આવતા તમામને સેલ્યુટ મારે... આ લોકો આવું કેમ કરતા હશે તે તો એ જ જાણે. પરંતુ સેલ્યુટ ના જવાબમાં સામેની વ્યક્તિ એક નાનકડું 'સ્મિત' (સ્માઈલ!) આપે તોય ઘણું... પણ...ના, અબુધ નોકરનું અસ્તિત્વ આ 'મોટા' ની નજરે થોડું ચડે ?!

નાના માણસોની પારદર્શક ભલમનસાઈને 'બક્ષિસ' ની લાલચમાં ખપાવી દેતા હોય છે. નાના વ્યક્તિઓની ભાવુકતા કે માનભર્યા આદર સત્કાર પાછળ કંઈક 'સ્વાર્થ' હશે એવું માની લઈ ભારોભાર અન્યાય કરી બેસતા હોય છે. રાત-દિવસ વફાદારી વેંઢારીને જાત કરતાં પણ વધારે સાહેબની કાળજી રાખનારો આ ગરીબ ચહેરો 'સાહેબ રાજી તો કરી દેશે' એવું સ્વપ્નું આંખે આંજી રાખે એમાં કંઈ ખોટું પણ નથી. નાના ને મન તો સાહેબ રાજી થાય ને રીઝે એટલું જ હોય... ને !

મોટા સાહેબ ઉંમરમાં સેવકભાઈ (પટાવાળા) કરતાં નાના હોય છતાં તુંકારે બોલાવે... નાનાં બાળકો 'વૉચમેન' કહીને બૂમ પાડે... નોકર બાઈને બચ્ચાં તુંકારે બોલાવે... મિત્રો, વ્યક્તિનો સામાજિક, આર્થિક, દરજ્જો ભલે નીચે હોય પણ એનું માન તો સચવાવું જોઈએ ને ? શું સેલ્ફ રિસ્પેક્ટ માત્ર આપણને જ હોય, આપણા માટે કામ કરનારને નહિ ?

દોસ્તો, પદોન્નતિ મળે... પૈસા મળે.. કે પ્રતિષ્ઠા સાંપડે એ તો જીવનની ફલ પ્રાપ્તિ છે... પચાવતાં શીખીએ... પેલાં વૃક્ષોની જેમ જમીન તરફ ઝૂકતાં શીખીએ !!!

સ્પર્શમણિ :
એ લોકો તમારી કિંમત ક્યારેય નહિ સમજી શકે,
જેના માટે તમે કાયમ Available રહો છો.

- કાજલ ઓઝા વૈદ્ય

● ● ●

હાથમાં ટચવાટો ફોન રાખવાથી Status નથી બનતું સાહેબ
બધા સાથે touch માં રહેવાથી Status બને છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949